પેજ 3

## રાજ્યસભામાં આખું નામ બોલાતા જયા બચ્ચન ફરી ગુસ્સે



નવી દિલ્હી, તા. 2: રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચન ફરી એકવાર 'જયા અમિતાભ બચ્ચન' કહીને સંબોધવામાં આવતાં ગુસ્સે થઈ ગયા હતા. બુધવારે રાજ્યસભામાં ચર્ચા દરમિયાન અધ્યક્ષ સ્થાને રહેલા બિરેન્દ્ર પ્રસાદ વૈશ્યએ તેમને 'ઇમિગ્રેશન અને વિદેશીઓ બિલ 2025' પર બોલવા માટે આમંત્રણ આપ્યું. અધ્યક્ષે કહ્યું, આગામી વક્તા 'શ્રીમતી જયા અમિતાભ બચ્ચન' છે. આટલું સાંભળતાં જ જયા બચ્ચન ગુસ્સે થઈ ગયા. પોતાની નારાજગી વ્યક્ત કરતાં સપા સાંસદે કહ્યું કે, તમે મારા ઘણા જૂના મિત્ર છો. આટલા વર્ષો સુધી તમે મને ફક્ત જયાજી કહીને બોલાવતા હતા. રાજ્યસભામાં ચર્ચા શરૂ કરતી વખતે સપા સાંસદે અધ્યક્ષ સ્થાને ફરિયાદ નોંધાવી અને કહ્યું કે તમે મારા ઘણા જૂના સાથી રહ્યો છો. અત્યારે તમને મારે શું કહેવું? આટલા વર્ષોથી તમે મને જયાજી કહીને બોલાવતા હતા. કોઇ વાંધો નહી.

## પોલીસે કામરાને ત્રીજી વખત સમન્સ જારી કર્યા, તેમને 5 એપ્રિલે હાજર થવાનું કહ્યું

મુંબઈ, તા. 2 (પીટીઆઈ) : મુંબઈ પોલીસે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને ત્રીજી વખત સમન્સ જારી કરીને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વિશે કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ તેમની સામે નોંધાયેલા કેસમાં 5 એપ્રિલે હાજર થવાનું કહ્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. સમન્સ મંગળવારે જારી કરવામાં આવ્યા હતા અને 36 વર્ષીય કામરાને ખાર પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું કહેવામાં આવ્યું હતું, જ્યાં ગયા મહિને તેમની સામે પ્રથમ એફઆઈઆર નોંધવામાં આવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસે તેમને અગાઉ બે વાર સમન્સ મોકલ્યા હતા, પરંતુ તપાસમાં જોડાયો ન હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ કેસ મુંબઈના એક શોમાં કામરા દ્વારા રજૂ કરાયેલા પેરોડી ગીત પરથી ઉદ્ભવ્યો છે જેમાં ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યા બાદ શિવસેનાના વડા શિંદેને નિશાન બનાવવા આવ્યા હતા અને તેમને દેશદ્રોહી કહેવામાં આવ્યા હતા. જોકે, ગીતમાં શિંદેનું નામ નહોતું. ગુસ્સે ભરાયેલા શિવસેના કાર્યકરોએ ગયા મહિને સ્ટુડિયોમાં તોડફોડ કરી હતી, જ્યાં શો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. ખાર પોલીસે શિવસેનાના ધારાસભ્યની ફરિયાદ પર કામરા વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી.

## મનસે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનને દર્શાવતી ફિલ્મ 'અબીર ગુલાલ'ની રિલીઝનો વિરોધ કરશે

**ખાન** અને વાણી કપૂર અભિનિત 'અબીર ગુલાલ' 9 મેના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે

મુંબઈ, તા. 2 (પીટીઆઈ): રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ બુધવારે કહ્યું હતું કે, તે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનને દર્શાવતી 'અબીર ગુલાલ' ફિલ્મની રિલીઝનો વિરોધ કરશે.
સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં મનસેની સિનેમા પાંખના પ્રમુખ અમેય ખોપકરે જણાવ્યું હતું કે, પાર્ટી પાકિસ્તાની કલાકારો અભિનિત ફિલ્મોને ભારતમાં રિલીઝ થવા દેશે નહીં તેવું અનેક વખત કહેવા છતાં, કેટલીક 'સડેલી કેરીઓ' સામે આવી જ જાય છે.
ખોપકરે કહ્યું, ''મનસૈનિકો (મનસે કાર્યકરો)એ તેમને કચરાપેટીમાં ફેંકી દેવાનું કામ કરવું પડશે અને અમે તેમ કરવાનું ચાલુ રાખીશું. અમે મહારાષ્ટ્રમાં 'અબીર ગુલાલ'ની રિલીઝ થવા દઈશું નહીં. જે લોકો પાકિસ્તાની કલાકારોને ખુશ કરવા માંગે છે તેઓ આમ કરી શકે છે, પરંતુ તેમણે અમારો સામનો કરવો પડશે.''
ખાન અને વાણી કપૂર અભિનિત 'અબીર ગુલાલ' 9 મેના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે. આરતી એસ બાગડી (ચલતી રહે જિંદગી) દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મનું નિર્માણ ઇન્ડિયન સ્ટોરીઝ, એ રિચર લેન્સ અને આરજય પિક્ચર્સ દ્વારા કરવામાં આવ્યું છે. નિર્માતાઓએ મંગળવારે ફિલ્મની રિલીઝ તારીખની જાહેરાત કરતું ટીઝર રિલીઝ કર્યું હતું.

## મધ્ય પ્રદેશમાં એન્કાઉન્ટરમાં 14-14 લાખ રૂપિયાની ઈનામી બે મહિલા નક્સલીઓ ઠાર

**આ** ઘટના ભારતને નક્સલી સમસ્યામાંથી સંપૂર્ણપણે મુક્ત કરવાના સંકલ્પને વેગ આપશેઃ મુખ્યમંત્રી મોહન યાદવ

ભોપાલ, તા. 2 (પીટીઆઈ): મધ્ય પ્રદેશના મંડલા જિલ્લામાં બુધવારે સવારે પોલીસ સાથેની અથડામણમાં બે મહિલા નક્સલીઓને ઠાર કરવામાં આવી હતી. એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) કૈલાસ મકવાણાએ જણાવ્યું હતું કે, આ અથડામણ બિછિયા પોલીસ સ્ટેશનની હદમાં થઈ હતી.

સ્થળ પરથી એક સેલ્ફ-લોડિંગ રાઈફલ (એસએલઆર), એક સામાન્ય રાઈફલ, એક વાયરલેસ સેટ અને રોજિંદા ઉપયોગની કેટલીક વસ્તુઓ મળી આવી છે. અધિકારીએ જણાવ્યું હતું કે, અન્ય નક્સલીઓ માટે શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું હતું કે, બે નક્સલીઓના માથા પર 14-14 લાખ રૂપિયાનું ઈનામ હતું.

મુખ્યમંત્રી યાદવે જણાવ્યું હતું કે, ''હું સુરક્ષા દળના તમામ જવાનોને તેમની બહાદૂરી અને હિંમત બદલ અભિનંદન આપું છું. આ સફળતા ચોક્કસપણે માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ માર્ચ 2026 સુધીમાં ભારતને નક્સલી સમસ્યામાંથી સંપૂર્ણપણે મુક્ત કરવાના સંકલ્પને વેગ આપશે.''

દેશ અને મધ્ય પ્રદેશ આતંકવાદ, નક્સલવાદ અને ઉગ્રવાદથી સંપૂર્ણપણે મુક્ત થશે. એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મધ્ય પ્રદેશ પોલીસ મુખ્યાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બંને કટ્ટર મહિલા નક્સલીઓ માઓવાદીઓના એમએમસી (મધ્ય પ્રદેશ-મહારાષ્ટ્ર-છત્તીસગઢ) ઝોનના કેબી (કાન્હા ભોરમદેવ) ડિવિઝનની ભોરમદેવ એરિયા કમિટીની હતી.

કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાનના મુંદીદાદર-ગનેરીદાદર-પરસાટોલા વન વિસ્તારમાં માઓવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

## ટ્રમ્પના પારસ્પરિક ટેરિફની સામે લડવા ભારત સરકારે નક્કર યોજના બનાવી

**સ્થાનિક** ઉદ્યોગોના હિતોની રક્ષા માટે મોટા પગલા લેવાશે

નવી દિલ્હી, તા. 2: ટ્રમ્પના પારસ્પરિક ટેરિફની આજે રાતના જાહેરાત થઈ જશે. જોકે, ભારત સરકાર પણ ટ્રમ્પના પારસ્પરિક ટેરિફને પહોંચી વળવા માટે એકશન મોડમાં છે. સરકારે આ ટેરિફ સામે લડવા માટેની નક્કર યોજના બનાવી દીધી છે. જેના માટે પીએમઓ, નાણા મંત્રાલ અને ઉદ્યોગ મંત્રાલયે ભેગા મળીને સ્થાનિક ઉદ્યોગોના હિતોની રક્ષા માટે મોટા પગલાં લેશે, એમ સુત્રોએ જણાવ્યું હતું. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર ભારત સરકારે પારસ્પરિક ટેરિફને પહોંચી વળવા માટે એક નક્કર યોજના તૈયાર કરી છે. આ યોજના દ્વારા સરકાર આપત્તિમાં પણ અવસર શોધવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ યોજનામાં પીએમઓ, નાણાં અને ઉદ્યોગ મંત્રાલયનો સમાવેશ થાય છે. હાલમાં સરકાર વેઈટ એન્ડ વોચની ભૂમિકા ભજવી રહી છે. ટ્રમ્પના ટેરિફ જાહેર થયા બાદ સરકાર એકશનમાં આવશે અને પોતાના પગલાંની જાહેરાત કરશે. ત્યાં સુધી કોઈ ઉતાવળ કરવાના મુડમાં નથી.



ઈન્ડોનેશિયાના મધ્ય જાવામાં ઈદ અલ-ફિત્રની ઉજવણી કરવા માટે 1950થી યોજાતા વાર્ષિક હોટ-એર બલૂન તહેવાર દરમિયાન હોટ એર બલૂન છોડાયા.

## નાણાકીય વર્ષ 2024-25માં સિદ્ધિવિનાયક મંદિરની આવક રૂ. 133 કરોડ થઈ

**2023-24ની** સરખામણીમાં 16 ટકાનો વધારો થયો

**મંદિરે** સોના અને ચાંદીની હરાજીથી રૂ. 1.33 કરોડની રેકોર્ડબ્રેક આવક મેળવી

મુંબઈ, તા. 2 (પીટીઆઈ): મુંબઈના પ્રખ્યાત ભગવાન ગણેશના સિદ્ધિવિનાયક મંદિરના ટ્રસ્ટની વાર્ષિક આવક હાલમાં સમાપ્ત થયેલા નાણાકીય વર્ષમાં રૂ. 133 કરોડ થઈ છે જે વર્ષ 2023-2024ની સરખામણીમાં 16 ટકા વધુ છે.

ભક્તો દ્વારા દાન અને પ્રસાદથી મળેલી આવક સૌથી વધુ હતી. વધુમાં, પૂજા અને અન્ય ધાર્મિક વિધિઓમાંથી મળતી આવક રૂ. 20 કરોડ હતી.

અધિકારીઓએ જણાવ્યા મુજબ, મંદિરને દાનપેટીઓ, ઓનલાઈન ચુકવણીઓ, ધાર્મિક વિધિઓ, પ્રસાદનું વેચાણ અને સોના અને ચાંદીની હરાજી સહિત અનેક સ્ત્રોતોમાંથી આવક મળી હતી.

મંદિર ટ્રસ્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે લાડુ અને નરિયેળ વડીનું વેચાણ પાછલા નાણાકીય વર્ષ (2023-24)ની સરખામણીમાં 32 ટકા વધ્યું હતું. મંદિર ટ્રસ્ટ દરરોજ ભક્તોને લગભગ 10,000 લાડુનું વિતરણ કરે છે. 'નાણાકીય વર્ષ 2024-25માં, મંદિર વહીવટીતંત્રે ગુડી પડવા પર સોના અને ચાંદીની હરાજીથી રૂ. 1.33 કરોડની રેકોર્ડબ્રેક આવક મેળવી હતી, જે ગયા વર્ષે રૂ. 75 લાખ હતી', એમ અધિકારીએ જણાવ્યું હતું.

શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર ટ્રસ્ટના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર વીણા પાટીલે જણાવ્યું હતું કે ભક્તોમાં વધારો અને વહીવટી સુધારાઓને કારણે કમાણીમાં વધારો થયો છે.

તેમણે જણાવ્યું હતું કે મંદિર ટ્રસ્ટે ચાલુ નાણાકીય વર્ષમાં રૂ. 154 કરોડની કમાણીનો અંદાજ લગાવ્યો છે. પાટીલના મતે, કુલ કમાણીના 20 ટકા ભાગ તબીબી સહાય અને અન્ય સુવિધાઓ પૂરી પાડવા પાછળ ખર્ચવામાં આવે છે. મંદિર મેનેજમેન્ટ કોલેજના વિદ્યાર્થીઓ માટે બુક બેંકની સુવિધા અને અભ્યાસ માટે એક રૂમની સુવિધા આપે છે. ટ્રસ્ટ આપઘાત કરનારા ખેડૂતોના બાળકોના શિક્ષણ માટે પણ ભંડોળ પૂરું પાડે છે.

## ડેમોક્રેટના કોરી બુકરે સેનેટમાં સૌથી લાંબુ સંબોધન કરવાનો રેકોર્ડ તોડ્યો

**બુકરે** સેનેટમાં સોમવારની આખી રાત અને મંગળવાર સાંજ સુધી મેરેથોન ભાષણ આપ્યું

**68** વર્ષ પહેલાં કેરોલિનાના સેનેટર સ્ટ્રોમ થર્મોન્ડે સૌથી લાંબું સંબોધન કર્યું હતું

વોશિંગ્ટન, તા. 2 (એપી): દ્રઢ નિશ્ચય દર્શાવતા, ન્યૂજર્સીના ડેમોક્રેટિક સેનેટર કોરી બુકરે આખી રાત અને મંગળવાર સાંજ સુધી મેરેથોન ભાષણ આપ્યું હતું, જે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કડક પગલાં સામે ડેમોક્રેટ્સના પ્રતિકારને દર્શાવે છે અને એક ઐતિહાસિક નિશાન સ્થાપિત કરે છે.

બુકર સોમવારે સાંજે સેનેટ ફ્લોર પર પહોંચ્યા, અને કહ્યું કે જ્યાં સુધી તેઓ શારીરિક રીતે સક્ષમ હોય ત્યાં સુધી તેઓ ત્યાં રહેશે. 25 કલાકથી વધુ સમય પછી, 55 વર્ષીય સેનેટર સંબોધન સમાપ્ત કરીને ફ્લોર પરથી ચાલ્યા ગયા. તેણે ચેમ્બરના ઈતિહાસમાં સેનેટ ફ્લોર પર સૌથી લાંબા ભાષણનો રેકોર્ડ બનાવ્યો, જો કે બુકરને સાથી ડેમોક્રેટિક નેતાઓ મદદ કરી હતી જેમણે સેનેટ ફ્લોર પર તેમને પ્રશ્નો પૂછીને બોલવાથી આરામ આપ્યો હતો.

આ સહનશક્તિનું એક નોંધપાત્ર પ્રદર્શન હતું, જ્યારે ડેમોક્રેટ્સ તેમના હતાશ સમર્થકોને તે બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ટ્રમ્પના એજન્ડાનો વિરોધ કરવા માટે તેઓ શક્ય તેટલું બધું કરી રહ્યા છે.

સેનેટ ફ્લોર પર રાત-દિવસ કરતાં વધુ સમય સુધી ઊભા રહીને બુકરે આગળ વધવાનો માર્ગ શોધી રહેલા પક્ષ માટે ઐતિહાસિક ક્ષણ પૂરી પાડી.

તેમણે 1957માં નાગરિક અધિકાર કાયદાના વિરોધમાં દક્ષિણ કેરોલિનાના સેનેટર સ્ટ્રોમ થર્મોન્ડ દ્વારા 68 વર્ષ પહેલાં કરાયેલા સૌથી લાંબા સંબોધનનો રેકોર્ડ તોડ્યો હતો.

'હું અહીં છું કારણ કે તેઓ જેટલા શક્તિશાળી હતા, લોકો તેના કરતા વધુ શક્તિશાળી છે', એમ બુકરે કહ્યું, જેમણે સેનેટ ફ્લોર પર ગુલામો અને ગુલામ-માલિકો બંનેના વંશજ તરીકે તેમના મૂળ વિશે ખુલ્લેઆમ વાત કરી.

## અમેરિકામાંથી દેશનિકાલના જોખમનો સામનો કરી રહ્યા છે તેમાં મોટા ભાગના ખ્રિસ્તીઓ

**લગભગ** 10 મિલિયન ખ્રિસ્તીઓ દેશનિકાલનો ભોગ બની શકે છે: અહેવાલ

વોશિંગ્ટન, તા. 2 (એપી): અમેરિકામાંથી દેશનિકાલના જોખમમાં રહેલા પાંચમાંથી ચાર જેટલા ઈમિગ્રન્ટ્સ ખ્રિસ્તી છે, એમ એક નવા અહેવાલમાં જણાવાયું હતું જેમાં ટ્રમ્પ વહીવટીતંત્રની આક્રમક દેશનિકાલ નીતિઓની અસર પર વિચાર કરવા માટે તેના સાથી વિશ્વાસીઓને હાકલ કરવામાં આવી હતી.

અહેવાલમાં જણાવાયું છે કે લગભગ 10 મિલિયન ખ્રિસ્તીઓ દેશનિકાલનો ભોગ બની શકે છે અને 7 મિલિયન અમેરિકી નાગરિકો જે ખ્રિસ્તી છે તેઓ એવા ઘરોમાં રહે છે જ્યાં કોઈ એક દેશનિકાલના જોખમમાં છે.

મુખ્ય કેથોલિક અને ઈવેન્જેલિકલ સંગઠનો હેઠળનો આ અહેવાલ વિવિધ પ્રકારના આંકડાઓ પર આધારિત છે જેમાં વિવિધ સ્થળાંતર અને રાષ્ટ્રીય વસ્તીમાં ધાર્મિક જોડાણની ટકાવારી અને સ્થળાંતર કરનારાઓ પર યુએસ વસ્તી ગણતરીના આંકડાના હિમાયતી જૂથના વિશ્લેષણ સામેલ છે.

'જો કે અમે સાથી ખ્રિસ્તીઓ વિશે ખૂબ જ ચિંતિત છીએ, અમે ફક્ત એવા ઈમિગ્રન્ટ્સ વિશે ચિંતિત નથી જેઓ આપણા ધર્મને અનુસરે છે', મેથ્યુ સોરેન્સે જણાવ્યું હતું, જેઓ વર્લ્ડ રીલીફના ઉપાધ્યક્ષ છે, આ સંસ્થા એક ઈવેન્જેલિકલ માનવતાવાદી સંસ્થા છે જેણે સંયુક્ત રીતે આ અહેવાલ જારી કર્યો હતો.

સોરેન્સે નિવેદનમાં ઉમેર્યું હતું કે અમેરિકામાં ઘણા ખ્રિસ્તીઓ કદાચ સમજી શકતા નથી કે જેઓ દેશનિકાલના જોખમનો સામનો કરી રહ્યા છે તેમાંથી મોટાભાગના લોકો તેમના ધર્મને અનુસરે છે.





## લાલુની તબિયત બગડી, એઈમ્સમાં સારવાર માટે દિલ્હી જવા રવાના

પટણા, તા. 2 (પીટીઆઈ): રાજદ પ્રમુખ અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદને બુધવારે થોડા સમય માટે અહીંની એક હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ એઈમ્સમાં સારવાર માટે દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. એમ તેમના પુત્ર તેજસ્વી યાદવે બુધવારે જણાવ્યું હતું.

પત્રકારો સાથે વાત કરતાં યાદવે જણાવ્યું હતું કે, તેમના પિતાને પીઠ અને હાથમાં ચાંદા પડ્યા હતા, જેના પર પ્રસાદ દિલ્હીમાં ઓપરેશન કરાવે તેવી આશા છે.

ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ''લાલુજી બપોરે દિલ્હી જતી ફ્લાઈટમાં બેસવા માટે એરપોર્ટ પહોંચ્યા હતા. મારી માતા રાબડી દેવી તેમની સાથે હતા. બ્લડ પ્રેશરમાં અચાનક ઘટાડો નોંધાયો હતો, જેના કારણે અમે તેમને પારસ હોસ્પિટલ લઈ ગયા હતા.''

પ્રસાદની સારવાર કરી રહેલા ડોક્ટરોની ટીમનું નેતૃત્વ કરનારા પ્રકાશ સિંહાના જણાવ્યા અનુસાર, ''તેમને ઈમરજન્સી વોર્ડમાં રાખવામાં આવ્યા હતા જ્યાં ઈન્ટ્રાવેનસ થેરાપી પછી તેમની સ્થિતિમાં સુધારો થયો હતો. તેઓ જાણવા માંગતા હતા કે શું તેઓ એર એમ્બ્યુલન્સથી દિલ્હી જઈ શકે છે. અમે તેમને જવા માટે કહ્યું.''

## એક્સ પર અત્યાર સુધીનો સૌથી મોટો સાયબર હુમલો! 20 કરોડ યુઝર્સના ડેટા લીક

**આ** ઘટનાથી ફરી એક વાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મની સુરક્ષા પર સવાલો ઊભા થયા

નવી દિલ્હી, તા. 2: માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એક્સ સંબંધિત એક મોટા સમાચાર સામે આવ્યા છે. એક્સ પર અત્યાર સુધીનો સૌથી મોટો સાયબર હુમલો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. એક સાયબર સુરક્ષા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, એક હેકરે લગભગ 20 કરોડ (200 મિલિયન) એક્સ વપરાશકર્તાઓનો ડેટા ચોરી લીધો છે. જો એક્સ પર સાયબર હુમલાના દાવા સાચા સાબિત થાય તો તે ઈતિહાસનો સૌથી મોટો ડેટા ભંગ હુમલો હોઈ શકે છે.

એક્સ યુઝર્સના ડેટાની ચોરી અંગેની પહેલી માહિતી સેફ્ટી ડિટેક્ટીવ્સ નામની વેબસાઈટ દ્વારા બહાર પાડવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, બ્રીચફોરમ્સ નામના હેકિંગ ફોરમ પર એક પોસ્ટ કરવામાં આવી હતી, જેમાં એક 34જીબી ડાઉનલોડ કરી શકાય તેવી ફાઈલ શેર કરવામાં આવી હતી. આ ફાઈલમાં એક્સ વપરાશકર્તાઓ સંબંધિત સંવેદનશીલ માહિતી હતી, જેમાં વપરાશકર્તા આઈડી અને સ્ક્રીનનામ, સંપૂર્ણ નામ અને સ્થાન, ઈમેઈલ સરનામું, ફોલોઅર્સની સંખ્યા, પ્રોફાઈલ ડેટા અને સમય ઝોન, પ્રોફાઈલ ઈમેજ અને ઘણી અન્ય સંવેદનશીલ માહિતી સામેલ હતી.

આ સમગ્ર મામલે એક્સ તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. જોકે, આ ઘટના ફરી એકવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મની સુરક્ષા પર સવાલો ઊભા કરી રહી છે.

## પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ઝરદારીને કોરોના થયો

કરાચી, તા. 2 (પીટીઆઈ): પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે અને તેઓ હાલમાં આઈસોલેશનમાં છે. એમ તેમના ડોક્ટરે બુધવારે જણાવ્યું હતું.

69 વર્ષીય ઝરદારીને શ્વાસ લેવામાં તકલીફ અને તાવની ફરિયાદ બાદ મંગળવારે નવાબશાહથી કરાચી લાવવામાં આવ્યા હતા અને એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિના ડોક્ટર ડૉ. અસીમ હુસૈને મીડિયાને જણાવ્યું હતું કે, ઝરદારી કોરોના વાયરસથી સંક્રમિત થયા છે.

ડૉ. અસીમ હુસૈને કહ્યું, ''ઘણા પરીક્ષણો કર્યા બાદ આ વાતની પુષ્ટિ થઈ છે અને તેમને હવે આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે અને તેમના સ્વાસ્થ્ય પર ચોવીસ કલાક નજર રાખવામાં આવી રહી છે.''

હુસૈને ઉમેર્યું હતું કે, ''નિષ્ણાતોની એક ટીમ રાષ્ટ્રપતિની સંભાળ રાખી રહી છે અને તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે.''

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ઝરદારી સોમવારે ઈદની નમાજ અદા કરવા માટે નવાબશાહ ગયા હતા અને તે પહેલાં રવિવારે તેમના પક્ષના નેતાઓ સાથે બેઠક કરી હતી.

રાજ્ય સંચાલિત એસોસિએટેડ પ્રેસ ઓફ પાકિસ્તાન (એપીપી) સમાચાર એજન્સીએ મંગળવારે જણાવ્યું હતું કે, વડા પ્રધાન શેહબાઝ શરીફે ટેલિફોન પર રાષ્ટ્રપતિ ઝરદારીના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી અને તેમના માટે વહેલા સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી.

ઝરદારીને તાજેતરના વર્ષોમાં વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. અગાઉ જુલાઈ 2022માં તેમનો કોવિડ-19નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, તે સમયે તેમને ફક્ત હળવા લક્ષણો જ અનુભવાયા હતા. ઓક્ટોબર 2024માં વિમાનમાંથી ઊતરતી વખતે તેમને પગમાં ફ્રેક્ચર થયું હતું અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## મારુતિ સુઝુકી 8 એપ્રિલથી કારના ભાવમાં 62,000 રૂપિયા સુધીનો વધારો કરશે

**જાન્યુઆરીમાં** કંપનીએ 1 ફેબ્રુઆરીથી વિવિધ મોડેલોમાં 32,500 રૂપિયા સુધીના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી હતી

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ)
દેશની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાએ બુધવારે જણાવ્યું હતું કે, તે ૮ એપ્રિલથી વિવિધ મોડેલોના ભાવમાં ૨,૫૦૦-૬૨,૦૦૦ રૂપિયાનો વધારો કરશે.

કંપનીએ નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, કંપનીના વધતા ઈનપુટ ખર્ચ, સંચાલન ખર્ચ, નિયમનકારી ફેરફારો અને સુવિધાઓના વધારાને કારણે કારના ભાવમાં વધારો કરવાની યોજના બનાવી છે.

કંપની ખર્ચને ઑપ્ટિમાઈઝ કરવા અને તેના ગ્રાહકો પર અસર ઘટાડવા માટે પ્રતિબદ્ધ છે, પરંતુ તે વધેલા ખર્ચનો થોડો બોજ બજારમાં નાખવા માટે મજબૂર છે. એમ કંપનીએ ઉમેર્યું હતું. કંપનીએ કહ્યું કે, તે કોમ્પેક્ટ એસયુવી ફ્રોન્ક્સની કિંમતમાં ૨,૫૦૦ રૂપિયા, ડિઝાયર ટૂર એસની કિંમતમાં ૩,૦૦૦ રૂપિયા અને મલ્ટી પર્પઝ વ્હીકલ એક્સએલ૬ અને એર્ટિગાની કિંમતમાં ૧૨,૫૦૦ રૂપિયાનો વધારો કરશે.

કંપની કોમ્પેક્ટ મોડેલ વેગન આરના ભાવમાં ૧૪,૦૦૦ રૂપિયા અને ઈકો વાનના ભાવમાં ૨૨,૫૦૦ રૂપિયાનો વધારો કરવાની પણ યોજના ધરાવે છે.